ભરતીય જનતા પાર્ટી
૧૧,અશોક રોડ,ન્યુ દિલ્હી
ડિસેમ્બર ૨૯,૨૦૧૧

**લોકપાલ અને લોકાયુક્ત ખરડા ,૨૦૧૧ વિશે વિરોધ પક્ષના નેતા શ્રી અરુણ જેટલીનો નેતા,પ્રવચનનો સંક્ષિપ્ત સાર**

ઈતિહાસે આજે આપણને ભ્રષ્ટાચારના વિરોધમાં મજબૂત અને અસરકારક કાયદો ઘડવાની તક આપી છે.કદાચ નબળા કાયદા  કે તંત્ર દ્વારા આ તક આપણાં હાથમાંથી સરી જાય તેમ છે અને કામ પતી ગયું છે એવું બતાવવા માટે એક ધુંધુળું દ્રશ્ય ઉભું કરવામાં આવી રહ્યું છે. જો આપણે આની સામે ગંભીરપણે ભ્રષ્ટાચાર વિરોધી આપણાં પ્રયત્નો ચાલુ રાખીશું તો દેશને ભ્રષ્ટાચાર વિરોધી એક મજબૂત કાયદો મળશે.

**હાલની પરિસ્થિતી**

તદઉપરાંત, આપણે એક એવા સમાજમાં રહીએ છીએ જ્યાં લોકો વહીવટીય એક્તામાંથી વિશ્વાસ ગુમાવી રહ્યા છે. વિશ્વની સૌથી મોટી લોકસત્તામાં રાજકીય ભંડોળ  જરાપણ પારદર્શક નથી. એવી સરકાર જેમાં હંમેશા મતભેદો ઉભા થતા હોય ત્યારે તેના દરેક તબક્કામાં કોઈને કોઈ ખામી જોવા મળે છે.જમીન, ખાણ, નશાબંધી,મહાનગર પાલિકાઓ, પ્રાકૃતિક સ્ત્રોત, મહેસૂલ વિભાગ ઈત્યાદી આજે ભ્રષ્ટાચારના ગઢ બની ગયા છે.

દેખીતી રીતે, આજે ભ્રષ્ટાચાર સામે લડવાના સાધનો બહુ મર્યાદિત છે.તપાસ સંબંધિત સત્તાીઓ આજે રાજ્ય સરકારોના હાથમાં છે. કાયદાકીય રસ્તાઓ બહુ ધીમા અને સમય માંગી લે તેવા છે. ભ્રષ્ટાચાર સામે લડવાના દરેક તબક્કે થાકી જવાય તેવી સ્થિતી છે.

આજે લોકોમાં ભ્રષ્ટાચાર સામે લડવાની એક આશા જાગી છે. આજે  લોકોમાં ગુસ્સો અને જુસ્સો બને એક સાથે જોવા મળી રહ્યો છે. અમે રાજકારણીઓ અને ધારાશાસ્ત્રીઓ પર એવો આક્ષેપ લગાવવામાં આવી રહ્યો છે કે અમે જ આ કાયદાની તરફેણમાં નથી. હમણાં હમણાં દેશમાં થયેલાં ભ્રષ્ટાચારને લઈને લોકોનો રોષ ભભૂકી ઉઠ્યો છે. સૌથી મોટી સફળતા તો એ છે કે વર્તમાન સરકારમાંથી કરપ્શન વિરોધી  થોડીઘણી તૈયારી બતાવવામાં આવી રહી છે.જે પ્રજાના ભ્રષ્ટાચાર વિરોધી ઝૂંબેશની પહેલી સફળતા છે.  પહેલા તો એ નક્કી કરવાનું રહ્યું કે આપણે ભ્રષ્ટાચાર વિરોધી ધર્મયુધ્ધમાં ક્યાં  છીએ. શું આપણે એક નબળો ખરડો જોઈએ છીએ કે ભ્રષ્ટાચાર વિરોધી એક મજબૂત કાયદો બનાવવો છે. માત્ર સરકાર જ નહીં પરંતુ તેમના ઘટક પક્ષો અને દરેક રાજકીય પક્ષોની ચકાસણી થશે.જે આ પ્રક્રિયામાં માત્ર પોકળ વાતો જ કરી રહ્યા છે તે એક નબળા ખરડાનો ભાગ બનીને ખુલ્લા પડી જશે.

**શું ભ્રષ્ટાચારનો સુધારો જરૂરી હતો?**

લોકસભામાં ખારીજ કરવામાં આવેલો બંધારણીય સુધારો આવનારા લોકપાલ કે લોકાયુક્તને કોઈ વિશેષાધીકાર આપતો નથી. તેમાં માત્ર એટલી જ વાત છે કે કેન્દ્રમાં લોકપાલની નિયુક્તિ અને રાજ્યોમાં લોકાયુક્તની નિયુક્તિ કરવામાં આવે. એક સામાન્ય બંધારણીય સુધારાની જેમ જ લોકપાલને પણ અસરકારક બનાવી શકાય છે.પરંતુ બંધારણના જાણકારો દ્વારા જ એક ધુંધળું ચિત્ર ઉભું કરવામાં આવી રહ્યું છે.અને આ જ લોકો એવો દાવો કરે છે કે તેઓ લોકપાલને બંધારણીય દરજ્જો આપવા મથી રહ્યા છે.માત્ર દરજ્જાથી કોઈ સત્તા કે અધિકાર મળતો નથી.એના માટે લોકપાલનો કાયદો જરૂરી છે.માત્ર ખોખલો ભ્રષ્ટાચાર વિરોધી કાયદો કે લોકપાલની રચના ખરેખર તો એક પ્રકારનું કૌભાંડ જ કહી શકાય.આમ જોવા જઈએ તો બંધારણીય  સુધારા વગર પણ ભ્રષ્ટાચાર વિરોધી કાયદો પૂરતો છે.પરંતુ કોઈને ખુશ કરવા માટે આ કાયદાની પ્રક્રિયાને લંબાવવામાં આવી રહી છે જેથી કોઈપણ પ્રકારની માથાકૂટ વગર લોકપાલ જ આગળ જતા એક મોટો હાથો બની શકે.ઉપરછલ્લો કાયદાકીય સુધારો કરવો એ સંસદનું કામ નથી. કોઈપણ સંજોગોમાં સૂચિત બંધારણીય સુધારો ત્યારે જ શક્ય બને છે જ્યારે સંસદીય બાબતોની કલમ  ૨૫૨ હેઠળ માન્ય ન થાય ત્યાં સુધી શક્ય નથી.

પ્રશ્નો શું છે?

શું એક મજબૂત લોકપાલના વિચારને ટેકો આપું છું. એવી જ રીતે નબળા લોકપાલના કાયદાનો હું વિરોધ કરું છું. શું કેવી રીતે આ કાયદાનું મુલ્યાંકન કરીશ? ત્રણ જુદા જુદા પરિમાણોથી આને વિસ્તારપૂર્વક સમજી શકાય.

## લોકપાલની વિષય વસ્તુ

લોકપાલની નિમણુંક ક્લોઝ -૪ પ્રમાણે જે તે સરકાર દ્વારા કરવામાં આવે.સરકારના પાંચમાંથી ત્રણ નિયુક્તો પસંદગીની પેનલમાંથી. આમાં સર્ચ કમિટીના સભ્યોના કોઈ ધારાધોરણ નક્કી કરવામાં આવ્યા નથી.ક્લોઝ-૩૭ પ્રમાણે પદમુક્તિની પ્રક્રિયા પણ સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. જો કોઈ નાગરિકને લોકપાલના વિરોધમાં કોઈ ફરીયાદ હોય તો તે સરકાર દ્વારા પિટિશન કરી શકે અને સરકાર નક્કી કરે કે તેને સુપ્રિમ કોર્ટમાં જવા દેવી કે નહીં.જો સરકરને લોકપાલમાં કશું પણ અયોગ્ય લાગે તો સરકાર પોતે તેને રદબાતલ કરી શકે. ખરેખર તો આ સત્તા સુપ્રિમ કોર્ટને અપાવવી જોઈએ તેના બદલે શા માટે સરકાર આ સત્તા હાથમાં લઈ રહી છે.શું સરકાર પોતાના જ માથઆ પર તલવાર ઉગામી શકે ખરી. લોકપાલના સ્ટાફ માટે સેક્શન-૧૦ પ્રમાણે સરકાર દ્વારા નિયુક્ત પેનલ દ્વારા જ પસંદ કરવાની જોગવાઈ છે.

## કાર્યવાહીની  પ્રક્રિયા

ફ્રામાં તપાસની પ્રક્રિયા પણ બહું જ વિચિત્ર છે. લોકપાલને સુઓ મોટોની કોઈ સત્તા આપવામાં આવી નથી. લોકપાલ માત્ર એક ફરીયાદી બની શકે છે.જ્યારે તે ફરીયાદ સ્વીકારે ત્યારે તે નક્કી કરે કે શું કરવું જેમાં પ્રાઈમા ફેસિયા દેખિતા પૂરાવાઓ પણ બનાવી શકે. એ પછી પ્રાઈમા ફેસિયાને રીફર કરીને સરકાર આગળની કાર્યવાહી કરી શકે છે.એ પછી સરકાર પ્રાથમિક તપાસ કરીને સીવીસી કરવાની તજવીજ કરી શકે. એમાં પણ એ અને બી કેટેગરીના ઓફિસરોમાં સીવીસી કેસને પાછો લોકપાલને પરત કરે છે.એ પછી લોકપાલ નક્કી કરે કરે કે આમાં સીબીઆઈ કે અન્ય એજન્સીઓને કેસ સોંપેવો કે નહીં. આટલી પ્રક્રિયા દરમ્યાન કોઈપણ આરોપી અધિકારી સમક્ષ લોકપાલની કાર્યવાહી ખુલ્લી પડી શકે છે અને તેના થકી આખી તપાસની દિશા વિશેની જાણકારી પણ થઈ જાય છે. જ્યારે સીબીઆઈ તપાસ કરે છે ત્યારે સીબીઆઈ પણ છેલ્લો રિપોર્ટ લોકપાલને પરત કરે છે.આમ લોકપાલ એક પ્રક્રિયા કરનારી એજન્સીથી વિશેષ કશું રહેતો નથી.વિશ્વમાં ક્યાંય પણ પ્રક્રિયા અને તપાસ અલગ અલગ એજન્સીઓના હાથમાં આવતી હોય. બંન્નેમાં એકહાથનો તફાવત હોય છે. પ્રોસેક્યુશનનો ડાયરેક્ટર પ્રોફેશનલ હોવો જોઈએ પણ તે સીબીઆઈથી ઉપર નથી. તદ્ઉપરાંત લોકપાલને આપવામાં આવેલી સત્તા સીબીઆઈની તપાસે વામણી કરી શકે છે.

## સીબીઆઈની સ્થિતી

આપણે માનીએ છીએ કે સીબીઆઈના ડિરેક્ટરની નિમણૂંક એક સ્વતંત્ર પ્રક્રિયાથી થાય છે. સીબીઆઈની નિમણુંક કરતી કમિટી જ ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશનની નિમણૂંક પણ કરે છે.સીબીઆઈની તપાસમાં અંતરાય લાવવાનો કોઈને પણ અધિકાર નથી.લોકપાલ કે સરકાર બંન્નેમાંથી કોઈને પણ આ સત્તા નથી. આ એક ફોજદારી કાયદાનો  સ્થાપિત સિદ્ધાંત છે કે જે  તપાસ અધિકારીતાએ જ  નક્કી કરવાનું હોય છે કે કેવી રીતે તપાસ કરવી અને કોની આગળ પ્રોસેક્યુટ કરવું. સેક્શન-૨૫ પ્રમાણે આ બિલને સુધારાની જરૂર છે કે ક્યાં સીબીઆઈને સત્તા આપવી જોઈ. એવી જ રીતે આ જ પ્રમાણેના દિલ્હીના સ્પેશ્યલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટમાં પણ કરવા થવા જોઈએ.

## બિનસરકારી સંસ્થાઓ

કલમ ૧૪ પ્રમાણે લોકપાલને કોઈપણ વ્યક્તિની તપાસ કરવાની સત્તા આપી છે કે જેમાં લોકસેવા સાથે સંકળાયેલા સેવકો આવતા નથી. પણ અહીં તો બિનસરકારી સંસ્થાઓના અધિકારીઓ, ટ્રસ્ટ, અને અન્જીએનો સાંકળવા એ બહુ અયોગ્ય કહેવાય. આ તો એ સિવિલ સોસાટી સામે લીધેલો એક પ્રકારનો બદલો કહેવાય. બિલની કલમ ૫૫ પ્રમાણે બિલને સુધારાની જરૂર છે. ફંડીગ આપવાનું કે ભ્રષ્ટ અધિકારીઓને કાયદાકીય સલાહ આપવાનું કામ લોકપાલનું નથી.મારા મતે લોકપાલની નિમણૂંક એક કમિટી દ્વારા થવી જોઈએ. સરકારે લોકપાલની પ્રાઈવેટ ટ્રસ્ટ અને સંસ્થાઓ પરની તપાસ માટે નિયંત્રણ રાખવું જોઈએ. સીબીઆઈ-લોકપાલના સંબંધો બાબતે સરકારે વધુ સ્પષ્ટ થવું પડશે. કોઈપણ પ્રકારની ખલેલ વગર સીબીઆઈ અને લોકપાલ એક સ્વતંત્ર સંસ્થાનો હોવા જોઈએ.નહીંતર સીબીઆઈ એક સંદિગ્ધ સંસ્થા બની જશે. વડાપ્રધાનને કેમેરા થકી પૂછપરછની આપવામાં આવેલી સુરક્ષા પણ આ કાયદાની ન્યાયિતા માટે પ્રશ્ન કરે છે.

સરકારે બંધારણીય રીતે યોગ્ય બિલ આપવું જોઈએ.

વિધાયક વિશ્વાસનો અભાવ

રાજ્ય લોકાયુક્તના બે મુખ્ય કાર્યો છે: એક તો રાજ્યમાં ફોજદારી ગુનાઓ સાથે સંકળાયેલા અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની સત્તા અને ખાતાકીય તપાસ કરવાની સત્તા. હવે આ સત્તા તો રાજ્યના કોન્કરન્ટ લિસ્ટમાં એન્ટ્રી ૧,૨ અને ૧૧ એમાં અને લિસ્ટ ૩માં છે. ગમે તેમ સિવિલ સર્વન્ટ સામે કાર્યવાહી કરવાની સત્તા દરેક રાજ્યને સોંપવામાં આવી છે( કલમ ૮૧(૩)(બી).

રૂાર્ટીકલ ૨૫૩ પ્રમાણે આંતરરાષ્ટ્રીય બાંહેધરીઓને પણ બહાલી આપી શકે. શા માટે ભારત સરકાર એક આદર્શ કાયદાઓને રાજ્ય સરકારોમાં અનુસરવાની પ્રેરણા આપતી નથી. કલમ ૨૫૨ પ્રમાણે સંસદને આદર્શ કાયદો બનાવવા માટે મુક્તિ આપવામાં આવી છે. ભારત તરફથી કોઈ એવી આંતરરાષ્ટ્રીય બાંહેધરી આપવામાં આવી નથી કે જ્ઞાતિ કે ધર્મના આધારે સરકાર આંતરરાષ્ટ્રીય પગલા લેશે. જો કેન્દ્ર સરકાર માનતી હોય કે રાજ્ય લોકાયુક્તની રચના પછી રાજ્ય સરકારના અધિકારો નબળા પડી જશે તો પછી આજે જે લોકાયુક્તો છે તે સાવ ગેરબંધારણીય કહી શકાય. કલમ૬૪(૫) પ્રમાણે આ નિયમ સાવ નકામો થઈ જશે.જો સરકાર પાસે અસરકારક લોકપાલ હોત તો રાજ્ય ન્યાય તંત્રમાં પારદર્શિતાની જરૂરત જ ના રહે. ખરેખર તો બંધારણની કલમ ૨૫૨ પ્રમાણે બે રાજ્યોના નિર્ણયોને એક સાચી ફ્રેમમાં ગોઠવવા જોઈએ.

અનામત

હું હકારાત્મક રીતે રિઝર્વેશન બિલ સાથે સહમત છું પરંતુ આ બિલ માત્ર ધર્મ અને જ્ઞાતિના આધારે પસાર કરવામાં આવી રહ્યું છે જે ખરેખર ગેરબંધારણીય છે.વધુમાં શબ્દ નોટ લેસ ધેન એટલે ૫૦ ટકા જેટલા લોકપાલમાં નવમાંથી પાંચ. સુપ્રિમે રિઝર્વેશન માટે ૫૦ ટાકની મર્યાદા મૂકી છે.શા માટે સરકાર લોકપાલને વામણો બનાવી રહી છે.

સેન્સ ઓફ હાઉસ

આખા હાઉસનો એક સૂર છે કે સિટિઝન ચાર્ટર અને બધાં જ સિવિલ સર્વન્ટ લોકપાલ હેઠળ આવી જાય. તો પણ કેન્દ્ર સરકારે સિટિઝન ચાર્ટર માટે અલગ કાયદો ઘડવાનું સૂચિત કર્યું છે. આપણે હાઉસની એકરૂપતાને માન આપવું જોઈએ. સી અને ડી કેટેગરીના કર્મચારીઓ પણ એ અને બી કેટેગરીના કર્મચારીઓની જેમ જ કાર્યવાહી હેઠળ આવવા જોઈએ. લોકપાલને પોતાના કાયદા રચવાની પણ વધારાની સત્તા આપવી જોઈએ.

સંસ્થા ઘડતર એક પડકારરૂપ કાર્ય છે. આજે આપણે અખઁડ ભારતને જોડવા માટેનું એક કામ કરી રહ્યા છીએ. એક સંસ્થાને બનતા પહેલા તેને તોડવાનું કામ કરવું ના જોઈએ. આપણને આજે એક મજબૂત લોકપાલની જરૂર છે. લોકપાલના માત્ર મૂક પ્રેક્ષક બન્યા વિના તેને સહકાર આપીએ.લોકપાલને એક સ્વતંત્ર સીબીઆઈની જરૂર છે. આપણે નબળા લોકપાલને જરાપણ નહીં સાંખી લઈએ. વડાપ્રધાન પદને પણ તપાસ હેઠળ લાવીને ભ્રષ્ટાચાર અને સમવાયતંત્રની સમક્ષ એક સારુ ઉદાહરણ આપી શકાય. બંન્ને એકબીજાના પૂરક બની શકે છે. આપણે ઈતિહાસ સર્જી રહ્યા છીએ. જો આપણે નબળો ઈતિહાસ સર્જીશું તો ભાવિ પેઢી આપણને માફ નહીં કરે. આપણે કરેલી ભૂલ તેમને સુધારવી પડશે.

રામ ક્રિપાલ સિંહા
સેક્રેટરી, ભાજપ સંસદીય પક્ષ